**DATE: 04/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### સુપર માર્કેટમાંથી શંકાસ્પદ ટ્રકની કેબિન અને ચેચીસ મળ્યાં

# અંકલેશ્વર ખાતે ભંગારિયો રૂા. બે લાખના મુદ્દામાલ સાથે ઝડપાયો

| અંકલેશ્વર |

અંકલેશ્વરના ભડકોદરા ગામની સીમમાં આવેલ સુપર માર્કેટમાંથી શંકાસ્પદ ટ્રકની કેબીન અને ચેચીસ સાથે એક ભંગારીયાને કાઇમ બ્રાન્ચે ઝડપી પાડી કુલ ર.૨૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર અંકલેશ્વર નેશનલ હાઈવે ઉપર આવેલ અંસાર માર્કેટ,નોબેલ માર્કેટ સહિતમાં ચોરીના ભંગારની લે-વેચ કરતા ભંગારીયાઓ સામે પોલીસે ફરી લાલ આંખ કરી છે ભરૂચ એલસીબી પોલીસ મથકનો સ્ટાફ અંકલેશ્વરમાં પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે ભડકોદ્રા ગામની સીમમાં આવેલ સુપર માર્કેટના પ્લોટ નંબર-૩૯ ઉપર મૈયુનુદ્દીન ખાને કમ્પાઉન્ડ વોલની ખુલ્લી જગ્યાએ ટ્રક અને ચેચીસ શંકાસ્પદ કરી મૂકી છે જેવી બાતમીના આધારે એલસીબીએ દરોડા પાડ્યા હતા પોલીસને સ્થળ પરથી કેબીન વિનાની જૂની ટ્રક અને બે જૂની ટ્રકની ચેચીસ મળી આવી હતી.

પોલીસે ભંગારી મૈયુનુદ્દીન ખાનની પુછપરછ કરતા તેણે સંતોષકારક જવાબ નહિ આપતા પોલીસે જૂની કેબીન વિનાની ટ્રક અને બે જૂની ટ્રકની ચેચીસ મળી કુલ ર.૨૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને મૂળ યુપીના અને હાલ હોટલ લોર્ડ્ઝ પ્લાઝા હોટલ સામે આવેલ ગુલેશન એ-ફૈઝ સોસાયટીમાં રહેતો ભંગારી મૈયુનુદ્દીન મહમદ ઉમર ખાનને ઝડપી પાડી તેને જી.આઈ.ડી.સી.પોલીસને હવાલે કરી વધુ તપાસ હાથ ધરી છે.

### 13 હજાર રોકડા સહિત એક લાખનો મુદ્દામાલ જપ્ત

# વરેડિયા ચોકડી પાસે જુગાર રમતાં 5 ઝડપાયાં, 1 ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પાલેજ પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, વરેડિયા ચોકડ પાસે બંધ પડેલી પાવન હોટલના અવાવરૂ સંકુલમાં જુગારની મહેફિલ જમાવી કેટલાંક શખ્સો જુગાર રમી રહ્યાં છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ પડતાં જ જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે પોલીસે તે પૈકીના હનિફ ઉર્ફે બાપુ મજીદ ઉમટા, મજીદ અહમદ લખા, સઈદ દાઉદ નાથા, સરફરાજ દાઉદ બનુ, દિનેશ ઉર્ફે મારવાડી ભાગારામ માલી નામના પાંચ જુગારિયાઓ ઝડપાય ગયાં હતાં. જ્યારે મિનહાઝ ઈપુટી નાસી છુટ્યો હતો. પોલીસે દાવપર લાગેલાં અને જુગારિયાઓની અંગઝડતીમાંથી કુલ 13 હજાર રૂપિયા રોકડા તેમજ મોબાઈલ-એક્ટિવ મળી કુલ એક લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે તમામ વિરૂદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 04/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## લોકલ ક્રાઈમ બ્રાન્ચના દરોડા, 2.20 લાખનો મુદ્દામાલ જપ્ત

# ભડકોદ્રાના સુપર માર્કેટમાંથી શંકાસ્પદ ટ્રક પોલીસે ઝડપી પાડી



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર નેશનલ હાઈવે ઉપર આવેલ અંસાર માર્કેટ, નોબેલ માર્કેટ સહિતમાં ચોરીના ભંગાર ની લે-વેચ કરતા ભંગારીયાઓ સામે પોલીસે ફરી લાલ આંખ કરી છે. ભરૂચ એલસીબી પોલીસ મથક નો સ્ટાફ અંકલેશ્વરમાં પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે ભડકોદ્રા ગામની સીમમાં આવેલ સુપર માર્કેટ ના પ્લોટ નંબર-39 ઉપર મૈયુનુદ્દીન ખાને કમ્પાઉન્ડ વોલ ની ખુલ્લી જગ્યાએ ટ્રક અને ચેચીસ શંકાસ્પદ કરી મૂકી છે. આ બાતમીના આધારે એલસીબી એ દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી જૂની કેબીન વિનાની ટ્રક અને બે જૂની ટ્રક ની ચેચીસ મળી આવી હતી. પોલીસે ભંગારી મૈયુનુદીન ખાનની પુછપરછ કરતાં તેણે સંતોષકારક જવાબ નહિ આપતા પોલીસે જૂની કેબીન વિનાની ટ્રક અને બે જૂની ટ્રક ની ચેચીસ મળી કુલ રૂ. 2.20 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### શેડમાં કતલના ઈરાદે બાંધેલાં મળી આવ્યાં

# શેરપુરા ગામેથી ગૌવંશને પોલીસે હેમખેમ બચાવ્યું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના શેરપુરા ગામે એક શેડમાં કતલ કરવાના ઈરાદે ગૌવંશને ક્રૂરતા પુર્વક બાંધી રાખ્યાં હોવાની બાતમીના આધારે એ ડિવિઝન પોલીસે સ્થળ પર દરોડો પાડ્યો હતો.

શેરપુરા ગામે આવેલાં આશિયાના નગર સોસાયટી ખાતે રહેતાં આસીફ યુસુફ મુસા ટપુએ કતલ કરવાના ઈરાદે ચારેય બાજુથી પતરા મારી બનાવેલાં શેડમા ગૌવંશને બંધક બનાવ્યાં છે. જેના પગલે ટીમે તુરંત એક્શનમાં આવી સ્થળ પર પહોંચતાં શેડની બહાર આસીફ યુસુફ મુસા ટપુ મળી આવ્યો હતો. ટીમે શેડમાં તપાસ કરતાં ત્યાં ત્રણ ગાય, એક આખલો તેમજ એક વાછરડું દોરડા વડે ક્રુરતાપુર્વક બાંધેલું તેમજ તેમના માટે કોઈ પણ પ્રકારના ઘાસચારાની કે પાણીની વ્યવસ્થા કરેલી જણાઈ ન હતી. ઉપરાંત કતલમાં વપરાતાં બે છરા પણ ત્યાંથી મળી આવ્યાં હતાં. પશુઓની કિંમત તપાસતાં કુલ 20 હજારની વધુની મત્તાના પશુઓ હોવાનું જણાયું હતું. ટીમે આસીફને તેણે બાંધી રાખેલાં ગૌવંશ અંગેની પુછપરછ કરતાં તેણે ગલ્લાતલ્લા કરતાં તેની સામે ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### બોગસ તબીબો પાસેથી 56 હજારની દવા જપ્ત કરવામાં આવી

# જાગેશ્વર-લખીગામમાંથી ચાર ઝોલાછાપ તબીબો ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં એક તરફ કોરોનાના કેસો વધી રહ્યાં છે. ત્યારે લોકો સારવાર માટે ડોક્ટરોના ત્યાં કતારમાં લાગી રહ્યાં છે. ત્યાં લોકોના આરોગ્ય સાથે રમત રમી રહેલાં ચાર ઝોલાછાપ તબીબોને ભરૂચની એસઓજીની ટીમે જાગેશ્વર અને લખીગામ ખાતેથી ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી કુલ 56 હજાર ઉપરાંતની દવાઓ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

કોરોનાની ત્રીજી વેવમાં ભરૂચ જિલ્લા પોલીસે ઔદ્યોગિક અને આદિવાસી વિસ્તારમાં ભાડે દુકાનો લઈ ફેક ડોકટરનો ધીકતો ધંધો કરતા બોગસ તબીબોને ઝડપી પાડવા ઉપરાછાપરી અભિયાન ચલાવ્યું હતું. જેમાં 30 જેટલા ડુપ્લિકેટ ડોક્ટરોને લાખોના મેડિકલ સાધનો અને દવાઓ સાથે પકડી પાડવામાં આવ્યા હતા. કોરોના સમી જતા આ ઝોલા છાપ પણ જાણે અટકી ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. જોકે ભરૂચ જિલ્લામાં પણ કોરોનાની સંભવત ચોથી લહેર શરૂ થઈ જતા ફરી બોગસ તબીબો અને તેમની જોખમી હાટડીઓ ધમધમી ઉઠી છે.

લોકોના આરોગ્ય સાથે ખીલવાડ કરતા ડિગ્રી વગરના ડોક્ટરો સામે ભરૂચ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે ફરી સ્કેનિંગ શરૂ કર્યું હતું. જેમાં વાગરા તાલુકાના દહેજ નજીક આવેલા લખીગામ અને જાગેશ્વરમાંથી 4 બંગાળી બાબુઓનેવગર ડિગ્રીએ પ્રેક્ટિસ કરતા ઝડપી પાડવામાં આવ્યા છે. લખીગામચોકડી પરથી ઉત્તમ સુશાંતા મોંડળ, શંકર સ્વપ્ન દેબનાથ અનેજાગેશ્વર ખાતેથી બીશ્વજીત ત્રિનાથ બીશ્વાસ તેમજ મધુમંગલ જયદેવ બીશ્વાસની રૂપિયા 56 હજારની દવાઓના જથ્થા સાથે ધરપકડ કરી આગળની કાર્યવાહી આદ્ય ધરી છે. ઝડપાયેલા તમામ તબિબો બંગાળી છે.

**DATE: 05/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### વાહનોના ટાયરોને પોલીસે લોક કરી દીધા

# અંક્લેશ્વરમાં આડેધડ રીતે વાહન પાર્ક કરનારા દંડાયા



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

જો તમે આડેધડ પાર્કિંગ કરશો તો ટાયર લોક થઇ શકે છે. અંકલેશ્વર ટ્રાફિક પોલીસ દ્વારા ત્રણ રસ્તા સર્કલ વિસ્તારમાં આડેધડ વાહન પાર્ક કરેલ વાહન ટાયર લોક કરી દેતા વાહન ચાલકો દોડતા થઇ ગયા હતા. અંકલેશ્વર ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા શહેરના ત્રણ રસ્તા સર્કલ ,શાકમાર્કેટ પાસે આડેધડ વાહન પાર્કિંગ કરતા વાહન ચાલકો ના વાહનો ના ટાયરો ને લોક કર્યા હતા અને તેઓ સામે દંડનીય કાર્યવાહી કરી ટ્રાફિક ના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકો સામે લાલ આંખ કરી હતી. અંકલેશ્વર ટ્રાફિક પોલીસ વિભાગ ના પીએસઆઇ જે.પી.ચૌહાણે તેમના સ્ટાફ સાથે અંકલેશ્વર શહેર ના ત્રણ રસ્તા સર્કલ વિસ્તાર અને શાક માર્કેટ પાસે ટ્રાફિક ને અડચણ રૂપ બની આડેધડ વાહન પાર્ક કરતા વાહન ચાલકોને ટ્રાફિક ને અડચણ રૂપ બની ઉભા રહેતા લારી ધારકો પણ ઉપર તવાઈ બોલાવી હતી અને આડેધડ પાર્ક કરેલ વાહનોના ટાયરો લોક કરી દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 07/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# વિલાયત ગામે વધુ એક બોગસ તબીબ ઝડપાયો

ભરૂચ | વાગરા તાલુકામાં આવેલાં વિલાયત ગામે પટેલ ફળિયામાં રહેતો એક શખ્સ પોતાના ઘરમાં જ ડિગ્રી વિના મેડિકલ પ્રેક્ટિશ કરે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસે ડોક્ટરી કરનાર શખ્સનું નામ પુછતાં તેનું નામ કાશીનાથ દામુ પટેલ (મુળ રે. નંદુરબાર, મહારાષ્ટ્ર) હોવાનું માલુમ પડ્યું હતુ. ઉપરાતં તેની પાસે મેડિકલ પ્રેક્ટિસ કરવા માટેનું કોઇ પણ પ્રકારનું સર્ટી ન હોવાનું જણાયું હતું.. બનાવ સંદર્ભે વાગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધ્યો છે.

**DATE: 07/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### કારમાં મુસાફરને બેસાડી રસ્તામાં લૂંટી લીધો હતો

# સુરતની મુસાફરોને લૂંટી લેતી ગેંગના 2 સાગરીત ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

મૂળ જૂનાગઢના માંગરોળ ખાતે રહેતા ઉવૈશ ખુમાર સુરત જવા માટે અંકલેશ્વર પાસેના નેશનલ હાઈવે પર નિલેશ ચોકડી પર ઉભા હતા દરમિયાન એક ઈન્ડિગો કાર આવતા તેઓ ને પેસેન્જર તરીકે કાર માં બેસાડ્યા હતા જો કે કાર માં ચાર શખ્સો સવાર હતા દરમ્યાન ઉવૈશ ખુમાર ના ખિસ્સા માંથી નજર ચૂકવી રૂપિયા 5 હજાર કાઢી લીધા હતા અને તેઓ ને .નજીક માં વાલિયા ચોકડી પર ઉતારી મુક્યા હતા ઉવૈશ ખુમારે ખિસ્સા ચેક કરતા 5 હજાર ગાયબ જણાતા તેને બૂમાબૂમ કરી નજીક માં ટ્રાફિક પોલીસ ને જાણ કરતા પોલીસે કાર માંથી ઉતારી ભાગવા જતા એક શખ્સને ઝડપી લીધો હતો તેની પૂછપરછ કરતા તે સુરત ના ઈમરાન મોહસીન અન્સારી હોવાનું જણાવ્યું હતું જ્યારે શહેર પોલીસે સુરત ના કાર ચાલક ઝુબેર હુસેન શેખ ને કાર સાથે ઝડપી લીધો હતો ,શહેર પોલીસે બંને ની કાર સાથે ધરપકડ કરી સઘન પૂછપરછ કરતા તેની સાથે સુરતના અન્ય સલમાન શાહ અને તોસીફ ખાન સત્તારખાન હોવાનું જણાવ્યું હતું પોલીસે બંને વિરુદ્ધ ગુન્હો નોંધી તેઓ ને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે

**DATE: 07/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચ પોલીસનો સંપર્ક કરતાં પોલીસે તમામને મુકત કરાવ્યાં

# પંજાબમાં લકઝરી બસ રોકી લેવાતાં ભરૂચના 40 યાત્રાળુઓ ફસાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પંજાબના અમૃતસર ખાતે એક પોલીસ સ્ટેશનમાં ભરૂચના તેમજ અન્ય જિલ્લાના મળી 40 જેટલાં અમરનાથ યાત્રીઓને રોકવામાં આવ્યાં હતાં. ટ્રાવેલ્સ સંચાલકની ભુલના કારણે આરટીઓ વિભાગ દ્વારા બસ અટકાવી દેવાતાં 40 મુસાફરોને અટવાઇ જવાનો વારો આવ્યો હતો. જેના પગલે ભરૂચના કોઇ મુસાફરે તેમનો ફસાયાં હોવાનો વિડીયો સોશિયલ મિડિયા પર વાયરલ કરતાં તે મેસેજ ભરૂચના એસપી ડો. લીના પાટીલને મળ્યો હતો. જેથી તેમને એએસપી વિકાસ સુંડાને તે અંગે જાણ કરી શ્રદ્ધાળુઓની મદદ કરવા કહેતાં એએસપીએ તેમના એક બેચમેટની મદદથી કાયદાકિય પ્રક્રિયા વહેલીપુરી કરાવીતમામને ત્યાંથી આગળના પ્રવાસ માટે રવાના કરાવ્યાં હતાં.

ભરૂચ તેમજ આસપાસના જિલ્લાના 40 જેટલાં અમરનાથ યાત્રીઓ સુરતની યાસ્મિન ટ્રાવેલ્સની બસને અમૃતતસર ખાતે આરટીઓ વિભાગની બસે રોકી હતી. જરૂરી દસ્તાવેજોના અભાવે બસ રોકવી દેવાતાં ભરૂચના કેટલાંક યાત્રીઓએ તેમની સ્થિતીનો વિડિયો સોશિયલ મિડીયા પર વાયરલ કર્યો હતો. જે મેસેજ ભરૂચ એસપી ડો. લીના પાટીલને મળતાં તેમણે તુરંત શ્રદ્ધાળુઓની તમામ મદદ કરવા એએસપી વિકાસ સુંડાને જાણ કરી હતી. જેના પગલે એએસપી વિકાસ સુંડાએ તુરંત તેમના સંપર્ક સુત્રોને તેજ કર્યાં હતાં. બીજી તરફ ભરૂચ એ ડિવિઝન પોલીસને ભરૂચના મુસાફરો અંગેની વિગતો મેળવવા સુચના આપતાં એ ડિવિઝન પોલીસની ટીમે પણ કામે લાગી જઇ ગણતરીના કલાકોમાં જ લકઝરી બસના નંબર તેમજ ટ્રાવેલ્સના નામના આધારે તપાસ કરતાં આખરે બસના ડ્રાઇવર જાલમસિંગનો સંપર્ક કરી પુછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, પંજાબના અમૃતસર જિલ્લામાં આવેલાં કચ્છુનગર પોલીસ સ્ટેશન ખાતે તેમની બસને રોકવામાં આવી છે. ઉપરાત 40 જેટલાં અમરનાથ યાત્રીઓએ ત્યાં જમેસાડી રાખ્યાં છે. એએસપી વિકાસ સુંડાને આવી જતાં તેમણે તેમના સંપર્ક સુત્રોના આધારે તપાસ કરાવતાં તેમના એક બેચમેટ ત્યાંજ અમૃતસરમાં પોસ્ટેડ હોવાનું માલુમ પડ્યું હતું જેના પગલે તેમણે તુરંત તેમનો સંપર્ક કરી તમામ હકિકતથી વાકેફ કરી જે તે પોલીસ સ્ટેશનમાં તેમના થકી જરૂરી કાયદાકિય પ્રક્રિયા પુર્ણ કરાવી લકઝકરી બસ તેમજ મુસાફરોને આગળના પ્રવાસ માટે રવાના કરાવ્યાં હતાં. ભરૂચ પોલીસ દ્વારા સોશિયલ મિડિયા પરથી તેમને મળેલી લીડ અંગે ગંભીરતા દાખવી તુરંત એકશનમાં આવી કામગીરી કરતાં લોકોમાં ખુશી જોવા મળી હતી.





## પંજાબના આરટીઓ વિભાગે બસ રોકી હતી

અમરનાથ યાત્રાળુઓને લઇ જવા માટે આરટીઓમાંથી કેટલીંક ચોક્કસ મરમીશનો લેવાની થાય છે. ઉપરાંત અન્ય દસ્તાવેજો પણ સાથે રાખવાના થતાં હોય છે. જોકે, યાસ્મીન ટ્રાવેલ્સના સંચાલકે તે દસ્તાવેજોમાં બેદરકારી રાખતાં અમૃતસરમાં આરટીઓ વિભાગે તેમને ઝડપી પાડ્યાં હતાં. અને 40 જેટલા મુસાફરોને ત્યાં અટવાઇ જવાનો વારો આવ્યો હતો.

**DATE: 07/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### શ્રવણ ચોકડી વિસ્તારમાં ચોરીની ઘટના બની હતી

# ભરૂચમાં દુકાનનું શટર તોડનાર તસ્કરો ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની શ્રવણ ચોકડી પાસે આવેલી નારાયણ સૃષ્ટી સોસાયટી ખાતે રહેતાં કેવલરામ મિસરીલાલ દેવાસી નજીકમાં જ આવેલી તુલસી રેસિડન્સીમાં ભવાનીી સુપર માર્કેટ નામની દુકાન ચલાવે છે. રાત્રીના સમયે તેમની દુકાનને તસ્કરોએ નીશાન બનાવી દુકાનનું શટર એક બાજુથી ઉંચું કરી દુકાનના ગલ્લામાંથી પરચુરણ તેમજ અલગ અલગ દરની નોટ સહિત કુલ 4 હજાર ઉપરાંતની ચોરી કરી રફૂચક્કર થઇ ગયાં હતાં. ઘટનાને લઈને તેમણે ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તુરંત એક્શનમાં આવી આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ તપાસતાં ચોરી કરનાર ટોળકીના સગડ મેળવવાની કવાયત હાથ ધરી હતી. દરમિયાનમાં પોલીસે ચોરી કરનાર ટોળકીન કરણ રત્ના ભાભોર, રાહૂલ કાળુ રાવત તેમજ અલ્કેશ ચુનિયા ગણાવા નામના ત્રણ આરોપીઓને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 07/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### નિલેશ ચોકડી પાસે પાર્ક કરેલી બાઈકની ઉઠાંતરી

# અંકલેશ્વરમાંથી બાઈક ચોરી જનાર ચોર ખેડાથી ઝડપાયો

## તસ્કર ચોરીની બાઈક લઈ અમદાવાદ જતો હતો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર નિલેશ ચોકડી પર થી ચોરાયેલી બાઈક સાથે રીઢા ચોર ખેડા થી ઝડપાઈ જવા પામ્યો હતો. શ્રમજીવી એ ઝુપડપટ્ટી આગળ બાઈક પાર્ક કરી હતી. બાઈક ચોર ઈસમ અમદાવાદ ખાતે પોતાના ઘરે પહોંચે એ પૂર્વે ખેડા પોલીસે ઝડપી પાડ્યો હતો. શ્રમજીવી ને ખેડા પોલીસ જાણ કરતા શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બનાવની વિગતો અનુસાર અંકલેશ્વર નિલેશ ચોકડી પર આવેલ આલ્કેમ કંપની નજીક ઝુપડપટ્ટી ખાતે રહેતા શ્રમિક ધનજી શ્રવણ વીજ પાડા એ પોતાની બાઈક લોક કરી ગત 3 જુલાઈ ના રોજ પાર્ક કરી હતી સવારે ગાડી ચોરી થઈ જવા પામ્યા તેની શોધખોળ શરૂ કરી હતી. જો કે ગાડી મળી ના આવી હતી. દરમિયાન ગત 5 મી જુલાઈ ના રોજ સાંજે તેના પર ખેડા પોલીસ સ્ટેશન થી ફોન આવ્યો હતો કે તમારી ગાડી ચોરાઈ છે. તે સાંભળી ધનજીભાઈ હા પાડી હતી ને તેમની ગાડી જોડે અમદાવાદ ના ધોળકા કલીકુંડ પાસે રહેતા શ્રવણ રમેશ ઓડ નામ નો ઈસમ ઝડપાઈ ગયો છે. જે ખાતરી કર્યા બાદ ખેડા પોલીસ દ્વારા અંકલેશ્વર શહેર પોલીસ મથકે જાણ કરતા પોલીસે ધનજી શ્રવણ વીજ પાડા ની ફરિયાદ આધારે 30 હજાર રૂપિયાની કિંમત ની મોટર સાયકલ ચોરી નો ગુનો નોંધી ખેડા પોલીસ પાસેથી બાઈક સાથે ઝડપાયેલ શ્રવણ રમેશ ઓડ ના ટ્રાન્સફર વોરન્ટ મેળવી ધરપકડ કરવાની કવાયત આરંભી હતી.

**DATE: 09/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાંથી 5 જુગારીયા ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી નેશનલ હાઈવે નંબર 48 પર આવેલ વર્ષા હોટલ નજીક શુભમ રેસીડેન્સી પાછળ દરોડા પાડ્યા હતા હતા. જ્યાં જાહેર માં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા પટેલ નગર ભાવના ફાર્મ ખાતે રહેતા યોગેશ પટેલ, અંજલી ધારા રેસિડેન્સી ખાતે રહેતા રામપ્રસાદ યાદવ, વર્ષા હોટલ પાછળ ઝૂંપડપટ્ટી માં રહેતા વિજય કુચબંદીયા, અજય વસાવા મનવર કુચબંદીયા અને ગણેશ દિલીપ ગોયેલ ને ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી કુલ 32 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 10/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# પીરામણ ગામેથી પાંચ ગૌવંશને મુક્ત કરાયા

અંકલેશ્વર | અંકલેશ્વર શહેર પોલીસના સર્વેલન્સ સ્કોર્ડ ના અ.હે.કો સાગર ભાઈ ને ચોક્કસ માહિતી મળી હતી કે ગૌ વંશ ના કતલ કરવાના ઈરાદે પીરામણ ગામના સ્મશાન નજીક બાંધી રાખ્યા છે. પોલીસ દ્વારા મોહમ્મદ ભાઈ ખોયા પટેલ ના ખેતર માં આંબા ના ઝાડ નીચે 4 વાછરડા અને એક ગાયને બાંધી રાખ્યા હતા. વાછરડા પાસે કોઈ મલિક કે તેનો ચાકર ના મળી આવતા અંતે શહેર પોલીસે ચારેય મૂંગા પશુ ને મુક્ત કરાવી ગૌશાળા ખાતે મોક્લી આપ્યા હતા પોલીસે 5 જેટલા ગૌ વંશ કિંમત રૂપિયા 10 હજાર ને મુક્ત કરવી હતી.

**DATE: 10/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

### હાંસોટના ગેંગવોરમાં ફાયરિંગની ચકચારી ઘટના બની હતી

# પાનોલી નજીક ફાયરિંગ કરનાર આરોપી 5 વર્ષે પોલીસ સકંજામાં



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

હાંસોટ ના બે જૂથ વચ્ચે થયેલી તકરારમાં પાનોલી નજીક ફાયરિંગ કરનાર 5 વર્ષે ઝડપાયો હતો 2017 માં પાનોલી નજીક હાંસોટ ના પપ્પુ ખોખર જૂથ ના ઈસમો એ સ્વ. સાબીર કાનુગા ના ભાઈ અને જૂથ ના ઈસમો પર હુમલો કર્યો હતો. સોનગઢ થી એલસીબી પોલીસે અખ્તર ઉર્ફે ખટકી શાહ ને ઝડપી પાડ્યો હતો. 2017 તાલુકા પોલીસ મથકે રાયોટીંગ અને આર્મ્સ એક્ટ અને હત્યાની કોશિશનો ગુનો નોંધાયો હતો.

2017 માં અંકલેશ્વરના પાનોલી ખાતે હાંસોટ ના કુખ્યાત પપ્પુ ખોખર અને શાબીર કાનુગા ગેંગવોર માં સ્વ. શાબીર કાનુગા ના ભાઈ અને સભ્યો કોર્ટ માંથી હાંસોટ જઈ રહ્યા હતા એ દરમિયાન પપ્પુ ખોખર જૂથના સભ્યો તેમની ગાડી આંતરી હતી અને ફાયરિંગ કર્યું હતું.

જે ગુનામાં છેલ્લા 5 વર્ષ થી પોલીસ ચોપડે વોન્ટેડ અખ્તર ઉર્ફે ખટકી શાહ તાપી જિલ્લાના સોનગઢ ખાતે છુપાયો હોવાની ચોક્કસ માહિતી ભરૂચ એલસીબી પોલીસને મળી હતી. જે આધારે એલસીબી પી.આઈ. કે.ડી. મંડોરા ના માર્ગદર્શન હેઠળ એક ટીમ પી.એસ.આઈ.જે.બી. જાદવ, અને પી.એસ.આઈ પાંચાણી તેમજ પી.એસ.આઈ.જે.એન. ભરવા અને પોલીસ જવાનો સાથે સોનગઢ રવાના થઈ હતી અને માહિતી વાળા સ્થળે છાપો મારી અખ્તર ઉર્ફે ખટકી શાહ ને ઝડપી પાડ્યો હતો અને અંકલેશ્વર ખાતે લઈ આવી તાલુકા પોલીસ ના હવાલે કર્યો હતો. 2017 તાલુકા પોલીસ મથકે રાયોટીંગ અને આર્મ્સ એક્ટ અને હત્યાની કોશિશનો ગુનો નોંધાયો હતો.

**DATE: 10/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

### ટંકારિયાના શખ્સે તેના શેડમાં પશુ બાંધ્યાં હતાં

# કતલના ઈરાદે બાંધી રાખેલી ગાય-ત્રણ વાછરડાં બચાવાયાં

### પાલેજ પોલીસ મથકે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના ટંકારિયા ગામે ઘોડી રોડ પર આવેલાં મિન્હાઝ પાર્કમાં એક શેડમાં કતલના ઈરાદે એક ગાય તેમજ ત્રણ વાછરડાં બાંધી રાખ્યાં હતાં. દરમિયાનમાં પાલેજ પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડી ગાય તેમજ ત્રણેય વાછરડાઓને બચાવી તેમને સારસંભાળ માટે કરજણ પાંજરાપોળ મોકલી અપાયાં હતાં. બનાવને પગલે પાલેજ પોલીસે શેડના માલિક વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પાલેજ પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ટંકારિયા ગામે ઘોડી રોડ પર આવેલાં મિન્હાઝ પાર્કમાં અસ્લમ યુસુફ ઉમટા નામનો એક શખ્સ ગની ગુલામ ઉમટાના મકાનની પાછળ એક પતરાના શેડમાં (કોઢિયા ઘરમાં) બકરી ઇદના તહેવાર નિમિત્તે કતલના ઈરાદે ચારેક ગૌવંશ બાંધી રાખેલ છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે શેડમાં તપાસ કરતાં એક ગાય તેમજ 3 વાછરડાંને ક્રૂરતા પુર્વક બાંધેલાં તેમજ તેમના માટે ઘાસચારા તેમજ પાણીની સગવડ કરી ન હોવાનું જણાયું હતું. ટીમે ચારેય પશુઓને બચાવી લઇ તેમને સાર સંભાળ માટે કરજણ ખાતે આવેલાં પાંજરાપોળ ખાતે મોકલી આપ્યાં હતાં .ઉપરાંત પોલીસે શેડના માલિક અસ્લમ યુસુ ઉમરા વિરૂદ્ધ પ્રાણી ક્રૂરતા અધિનિયમ તેમજ પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.